SAMVAD E-JOURNAL
ISSN (Online): 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, July to September : 2026
**Published by Rangmati Publication** **http://www.rangmatipublication.com/**

# વ્રજ ભાષાના બે ભક્તકવિઓની કાવ્યદૃષ્ટિ : સામ્ય-વૈષમ્ય

*ડૉ. જયના પરમાર*

***સારાંશ :** ભક્તિના શાંત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને માધુર્ય આ પાંચ પ્રકારમાં સૌથી સર્વોચ્ચ માધુર્ય ભાવની ભક્તિમાં નિમગ્ન રહેનારા વૃંદાવનના બંને રસોપાસકો સ્વામી હરિદાસજી અને શ્રીહિત હરિવંશજીએ લખેલા પદ સંદર્ભે થોડો તુલનાત્મક દૃષ્ટિકોણથી ચર્ચા કરવાનો આશય છે.*

***ચાવીરૂપ શબ્દો :** રાધા-કૃષ્ણ, શ્યામા-શ્યામ, સ્વામી હરિદાસજી, શ્રીહિત હરિવંશજી, પદ*

વૃંદાવન (મથુરા, ઉત્તર પ્રદેશ) ભારતમાં માત્ર એક ભૌગોલિક સ્થાન નથી; પરંતુ શ્રી રાધા-કૃષ્ણની નિત્ય પ્રેમ વિહાર સ્થલી અને રસોપાસનાનું પ્રમુખ કેન્દ્ર છે. રાધાવલ્લભ, ગૌડીય, નિમ્બાર્ક વગેરે જેવી વૈષ્ણવ પરંપરાઓમાં વૃંદાવનને પ્રેમ, માધુર્ય અને રસમય ભક્તિની સાધના ભૂમિના રૂપમાં વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. રસોપાસના એટલે એવી ભક્તિ કે જેમાં સાધક શ્રી રાધા-કૃષ્ણના દિવ્ય પ્રેમ અને લીલાઓનું શ્રવણ, સ્મરણ, કીર્તન તથા ભાવપૂર્વક ચિંતન કરે છે. અહીંયા ભક્તિ માત્ર પૂજા-વિધિ સુધી સીમિત ન રહેતા ભગવાનની સાથે પ્રેમમય સંબંધની અનુભૂતિનું મુખ્ય કેન્દ્ર બને છે. આ રસોપાસનામાં સ્વામી હરિદાસજી અને શ્રીહિત હરિવંશજી વિશિષ્ટ અને અનેરુ સ્થાન ધરાવે છે. કહેવાય છે કે સ્વામી હરિદાસજી શ્રી રાધારાનીની અષ્ટ મહાસખીઓમાના લલિતા સખીના અવતાર હતાં અને શ્રીહિત હરિવંશજી ઠાકોરજીની પ્રાણથી પણ અધિક પ્રિય મોરલીના અવતાર હતા. સ્વામી હરિદાસજીના **'के लमाल'** અને **'अष्टादश सद्धांत'**માં તથા શ્રીહિત હરિવંશજીના **'श्रीहित चतुरासी'** અને **'स्फुटवाणी'** નામના ગ્રંથમાં પદો સમાયેલા છે. તો આ બંને રસોપાસકે આપેલા પદોનું ભાવવિશ્વ, ભાષા, કાવ્યવૈશિષ્ટ્ય અને અભિવ્યક્તિની રીતે અભ્યાસ કરીએ.

बंदे, अखतियार भला।
चत न डुलाव, आव समा ध, भीतर, न होहु अणला॥
न फर दर-दर पदर-दर, न होहु अँधला
कहिं श्रीहरिदास करता कया सो हुआ, सुमेर अचल चला॥
('अष्टादश सद्धांत', पद सं.६)

આ પદમાં સ્વામી હરિદાસજી મહારાજ માનવદેહનું મહત્ત્વ સમજાવતા કહે છે કે, 'હે જીવ, તને આ માનવદેહનો અત્યંત દુર્લભ સુઅવસર મળ્યો છે જે ખૂબ અનમોલ છે. હવે તું પોતાના ચિત્તને આમતેમ ભટકાવ્યા વિના શ્રી શ્યામા-કુંજબિહારીના ચરણોમાં લગાવી દે. પોતાની હૃદય સમાધિમાં જ શ્યામા-કુંજબિહારીને જો, કારણ કે ખબર નથી કે આગળની ક્ષણ તને પ્રાપ્ત થશે કે નહીં. અરે મૂર્ખ મન! જો તે શ્યામા કુંજબિહારીની શરણમાં જવાનો નિશ્ચય કરી લીધો છે તો હવે શા માટે ભટકી રહ્યો છે? શું કામ પોતાના પૂર્વજોની સંપત્તિ અને સંસારની મોહમાયામાં ફસાયેલો રહે છે? સમસ્ત સંસારનું પાલન-પોષણ બિહારીજીના હાથમાં છે. જો એ ઈચ્છે તો સુમેરુ પર્વત પણ ચલાયમાન થઈ જાય છે! બધું શ્રી બિહારીજીને આધીન છે. માટે તેમને છોડીને બીજાની શરણમાં કેમ ભટકો છો? આ પ્રકારના પ્રશ્નો કરી સ્વામી હરિદાસજી જીવને મનુષ્ય જન મનુ મહત્વ સમજાવે છે.

ना जानौं छिन अन्त कवन बु ध घटहि प्रका शत ॥
छुटि चेतन जु अचेत तेऊ मुनि भये वष वा सत ॥
पाराशर सुर इन्द्र कलप का मनी मन फंद्या ॥


*ડૉ. જયના પરમાર, Postdoctoral Fellow, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ.*

परिव देह दुख-द्वन्द कौंन क्रम काल निकंद्या ॥
इहिं डरहिं डर प हरिवंश हित, जिनव भ्रमहि गुण-स लल पर ॥
जिहिं नामनि मंगल लोक तिहुँ, सु हरि-पद भजि न  वलम्ब कर ॥

('श्रीहित स्फुटवाणी', पद सं.३, पृष्ठ-३)

આ નાશવંત શરીર વિશે કાંઈ કહી શકાય એમ નથી કે તેનો અંતિમ સમય ક્યારે આવી જશે અને કાળનો કોડિયો ક્યારે બની જશે! એવી જ રીતે બુદ્ધિ વિશે પણ કોઈ પૂર્વાનુમાન કરી શકાય એમ નથી કે એ ક્યારે અજ્ઞાનના અંધકારમાં ડૂબી જશે કે પ્રકાશિત થઈ જશે. એટલે કે એ ક્યારે કુંઠિત થઈ જાય કે ક્યારે વિવેકશીલ બની સારા-ખરાબ વિચાર કરવાનું છોડી દેશે અથવા તો સારા-ખરાબ વિચાર સાથે જોડાઈ જશે. બુદ્ધિ વિશેની આ વાત માત્ર એમ જ નથી કારણ કે પરમ તત્ત્વમાં લીન રહેનારા મુનિજનોની બુદ્ધિ પણ વિલુપ્ત થઈ ગઈ છે, એ ચેતના શૂન્ય થઈ ગયા અને વિષય વાસનાની જાળમાં ફસાઈ પડ્યાં. વેદવ્યાસજીના પિતા જ્ઞાનવૃદ્ધ ઋષિશ્રેષ્ઠ પારાશરજી, દેવતાઓના અધિપતિ ઈન્દ્રદેવ, ચંદ્રદેવ તથા બીજા અનેક ઉદાહરણ એવા મળે છે કે જેના મન કામિનીઓની માયાજાળમાં પડીને વિષયાસક્ત થઈ ગયાં હોય. એ પણ વિચારવા યોગ્ય છે કે ક્યારે કેવો સમય આવી જાય, એને કોણ જાણી શકે, તેને પૂર્વજન્મમાં કેવા કર્મ કર્યા છે જેનું ફળ તે આ જન્મમાં ભોગવી રહ્યો છે. અર્થાત આ શરીર કાલ અને કર્મને આધીન છે. શ્રીહિત હરિવંશચંદ્રજી કહે છે કે ઉપર કહેવાયેલી વાતોને ધ્યાનમાં રાખીને મનુષ્યે આ ત્રણ ત્રિગુણાત્મક સંસારરૂપી સાગરના જલ પ્રવાહની સાથે સાથે વહેવાનું છોડી દેવું જોઈએ અને ત્રણેય લોકોમાં જેનું નામ મંગલ કરવા માટે અત્યંત પ્રસિદ્ધ છે એવા શ્રી હરિના શ્રીચરણોમાં પરમ સુખદ આશ્રય ગ્રહણ કરીને તેની ભક્તિમાં પોતાને જોડી કોઈપણ પ્રકારનો વિલંબ કરવો જોઈએ નહીં.

ઉપર દર્શાવેલા પદ અનુસાર સ્વામી હરિદાસજીના સૈદ્ધાંતિક પદમાં સંસારની નશ્વરતા અને સાંસારિક મોહ-માયાને ત્યાગીને મનને ભગવાનના ચરણોમાં લગાવવાની વાત છે. આ પદમાં વૈરાગ્ય, આત્મબોધ, ભક્તિ અને ઈશ્વર સમર્પણની ભાવના મુખ્ય છે. તો શ્રીહિત હરિવંશજીના પદમાં અજ્ઞાન અવસ્થા દ્વારા જીવ જે રીતે ભટકી રહ્યો છે તેમાં મુક્તિનો માર્ગ શ્રી હરિની ભક્તિ જ છે એવો ભાવ વ્યક્ત થયો છે. દીનતા, આત્મગ્લાનિ, સંસારની અસારતા તથા ઈશ્વરની શરણાગતિનો ભાવ મુખ્ય છે. બંને કવિઓએ મુખ્ય રીતે વ્રજ ભાષામાં જ લખ્યું છે પરંતુ સ્વામી હરિદાસજીની ભાષા અને અભિવ્યક્તિમાં ઉપદેશાત્મકતા અને વૈરાગ્યનો ભાવ થોડો વધારે સ્પષ્ટ દેખાય છે, જ્યારે શ્રીહિત હરિવંશજીની ભાષામાં ભક્તિ, આત્મનિવેદન અને ભાવુકતા વધારે જોવા મળે છે. તો આ રીતે બંને કવિઓ પહેલા સિદ્ધાંત સમજાવે છે અને આમ પણ ભક્તિ કરવા માટે સિદ્ધાંત જ્ઞાન હોવું અતિ આવશ્યક છે.

सुनि धुनि मुरली बन बाजै हरि रास रच्यौ ।
कुंज कुंज द्रुम बे ल प्रफुल्लित
मंडल कंचन मनिन खच्यौ ॥
नृत्तत जुगल कसोर जुवति जन
मन  म ल राग केदारौ मच्यौ ।
श्रीहरिदास के स्वामी स्यामा कुंजबिहारी
नीकैरी आजु प्यारौ लाल नच्यौ ॥
('श्री केलीमाल', पद सं.५२, पृष्ठ-५१)

સુંદર કુંજ નિકુંજ છે. જ્યાં વૃક્ષ, લતાઓ, ડાળીઓ, ફળ, ફૂલ, ઝૂલી રહ્યા છે. સુવર્ણ મણિઓથી રચિત રાસ મંડલ જ્યાં હરિ રાસ રચાવી રહ્યાં છે. સખી કહે છે કે મોરલીની ધ્વનિ સાંભળી રહી છો... કામરૂપી ચાહની પ્રતીક મોરલી ક્યાં વાગી રહી છે? તનરૂપી પ્રિય વનમાં હરિ સખીઓ સાથે રાસ રચાવી રહ્યાં છે. જેમાં અદ્ભુત સરસ મંડલ પર કોકકલા, કેલિકલા, સંગીતકલા વગેરેમાં પરમ કુશળ યુગલકિશોર શ્રી કુંજવિહારી તથા કુંજવિહારીણી સહચરીજન  સાથે નૃત્ય કરી રહ્યાં છે. લાલ પોતાની પ્રાણપ્રિયાના ચરણકમળમાં લપેટાયેલા છે. મધુર ધ્વનિને સાંભળીને શ્યામા-શ્યામ અતિપ્રફુલ્લિત થઈ રહ્યાં છે. અનેક કલાઓમાં પ્રવીણ યુગલ કિશોર સહચરિઓ સાથે નૃત્ય કરી રહ્યાં છે. તેમના અંગોમાંથી રાગ-અનુરાગના ભાવો પ્રગટી રહ્યાં છે જાણે કે કેદાર રાગ કોઈ ગાઈ રહ્યું હોય તેમ! આ રાગ અડધી રાત્રે ગાય છે. આ સમય વિહારનો મધ્ય સમય કહેવાય છે જેમાં બંનેના તન મન મળીને અતિ પ્રફુલ્લિત છે, રસમાં મત્ત છે. હરિદાસજીની સ્વામીની રાધે પ્યારીની રુચિ અનુસાર કુંજબિહારી નૃત્ય કરતાં કરતાં ખૂબ મનભાવન લાગી રહ્યાં છે.

खेलत रास र सक ब्रज-मंडन।
जुवतिन अंश दियैं भुज दंडन॥
शरद वमल नभ चंद वराजै।
मधुर-मधुर मुरली कल बाजै॥
अति राजत घनश्याम तमाला।
कंचन बे ल बनी ब्रजबाला॥
बाजत ताल मृदंग उपंगा।
गान मथत मन कोटि अनंगा॥
भूषण बहुत व वध रँग सारी।
अंग सुघंग दिखावति नारी॥
वरसत कुसुम मुदित सुर-जोषा।
सुनियत दि व दुंदु भ कल घोषा॥
जैश्रीहित हरिवंश मगन मन श्यामा।
राधा रवन सकल सुख धामा॥
('श्रीहित चतुरासी', पद सं.१९, पृष्ठ-४०)

સમસ્ત વ્રજની શોભા સૌંદર્ય અને પ્રકાશમય સ્વરૂપ રાસ ક્રિડાના રસીક શ્રી પ્રિયા અને લાલ પોતાની સખીઓના ખભા પર હાથ મૂકીને રાસ રમી રહ્યા છે. સ્વચ્છ આકાશમાં શરદપૂર્ણિમાનો ચંદ્ર સુશોભિત છે અને મીઠાં મીઠાં સ્વરમાં વાંસળી વાગી રહી છે. વ્રજની ગોપીઓની વચ્ચે રસઘન મૂર્તિ શ્રી લાલજી એવા અદ્‌ભુત શોભી રહ્યાં છે કે જાણે સોનાની લગતાઓ વચ્ચે સુંદર શ્યામ તમાલનું વૃક્ષ શોભી રહ્યું હોય. રાસમાં મૃદંગ અને ઉપંગ વગેરે તાલવાદ્યો વાગી રહ્યાં છે અને મધુર કંઠમાંથી નીકળતું ગાન કરોડો કામદેવોના મનને પણ મથી નાખે એવું છે. વિવિધ રંગોની સાડીઓ અને અનેક પ્રકારના આભૂષણોથી સુસજ્જિત બધી વ્રજ યુવતીઓ સુંદર રીતે નૃત્યના વિવિધ અંગોનું પ્રદર્શન કરી રહી છે. દેવતાઓની સ્ત્રીઓ (દેવાંગનાઓ) પ્રસન્ન થઈને ફૂલોની વર્ષા કરી રહી છે અને દિવ્ય દુંદુભીઓનો સુંદર નાદ સંભળાઈ રહ્યો છે. શ્રીહિત હરિવંશજી કહે છે કે શ્રીકૃષ્ણનું ચિત્ત/મન શ્રી રાધાજીમાં સંપૂર્ણ મગ્ન છે. શ્રી રાધાનું નામ સ્મરણ જ સર્વ સુખોનું ધામ છે.

સ્વામી હરિદાસજીના રાસલીલાના આ પદમાં શ્રીકૃષ્ણની મોરલી ધ્વની સાંભળી વનમાં જે રાસ પ્રારંભ થાય છે અને કુંજ નિકુંજમાં વૃક્ષ, ડાળી, ફૂલો, ખીલી ઉઠે છે અને સમગ્ર વાતાવરણ આનંદિત થઈ જાય છે એવો ભાવ સમાયેલો છે. મતલબ કે એક પ્રકારનું માધુર્ય પ્રગટ થાય છે. તથા શ્રીહિત હરિવંશજીના પદમાં શ્રીકૃષ્ણની રાસલીલા અને રાધા-કૃષ્ણના પ્રેમનું સુંદર ચિત્રણ છે. અહીં માધુર્યભાવ, રાસાનંદ તથા રાધારાનીની મહિમા અધિક દેખાય છે. આ ઉપરાંત સ્વામી હરિદાસજીની ભાષા સંક્ષિપ્ત અને ભાવસઘન છે જ્યારે શ્રીહિત હરિવંશજીની ભાષા વ્રજ ભાષાની માધુર્યપૂર્ણ શૈલીમાં થોડી વધારે વિસ્તૃત તથા ચિત્રાત્મક છે. મોરલી અને રાસલીલાનું મધુર ચિત્રણ, પ્રકૃતિ સૌંદર્ય, સંગીત તત્વની વિશેષ પ્રધાનતા પદમાં અધિક માધુર્ય અને લયાત્મકતા જેવી કાવ્ય વિશેષતા સ્વામી હરિદાસજીના પદોમાં જોવા મળે છે. તો શ્રીહિત હરિવંશજીના પદમાં રાસલીલાનું વિસ્તૃત વર્ણન, પ્રાકૃતિક વાતાવરણ, સંગીતાત્મકતા તો છે જ પણ સાથે **'कंचन बे ल बनी ब्रजबाला'** જેવા ઉપમાન દ્વારા સૌંદર્ય વર્ણન કર્યું છે. દેવતાઓ દ્વારા પુષ્પ વર્ષા અને દુંદુભી નાદના માધ્યમથી રાસને અલૌકિક અને દિવ્ય સ્વરૂપ આપ્યું છે; અને પદની અંતિમ પંક્તિમાં **'राधा रवन सकल सुख धामा'** કહીને રાધારાનીની મહિમાને સર્વોચ્ચ સ્થાન પ્રદાન કર્યું છે. આ રીતે બંને કવિઓમાં થોડી સામ્યતા કે વૈષમ્યતા જોઈ શકાય છે. અભિવ્યક્તિના સંદર્ભે વાત કરીએ તો સ્વામી હરિદાસજીની સંક્ષિપ્ત, ગેય અને ભાવનાપ્રધાન અભિવ્યક્તિ છે તો શ્રીહિત હરિવંશજીની વર્ણનાત્મક, ચિત્રાત્મક અને વિસ્તાર પૂર્ણ અભિવ્યક્તિ જોઈ શકાય છે. આમ સમાન વિષય તથા એક જ પ્રકારના ભાવસંવેદનને લઈને બંને કવિઓએ લખ્યું છે છતાં પણ ઘણીબધી જગ્યાએ ભેદ જોવા મળે છે.

राधे दुलारी मान तजि।
प्रान पायौ जात है री मेरौ सजि॥
अपनौं हाथ मेरे माथे धरि अभै दान दै अजि।
श्रीहरिदास के स्वामी स्याम कहत री प्यारी
रंग रु च सौं ब ल लजि॥
('श्री केलीमाल', पद सं.२२, पृष्ठ-२५)

હે પ્રાણ પ્યારી રાધે! આપ દુલારી છો, લાડલી છો, તમે માન છોડી દો. તમારી ગર્વભરી દ્રષ્ટિથી મને ડર લાગે છે. તમારી પ્રસન્નતામાં મારા પ્રાણ વસે છે. હે સુકુમારી! મારા માથા પર તમારા કર કમલ રાખીને તમે શપથ ગ્રહણ કરો કે તારાથી માન નહીં કરૂં. આ અભયદાન આપો પ્યારી. હરિદાસજીની સ્વામી શ્યામાને કુંજબિહારી શ્યામ કહે છે કે અરે પ્યારી! હું બલિહાર જાઉં છું. તમારા હૃદયમાં પણ કેલિની ભાવના છે, કેમ રોકી રહ્યાં છો. બિહારીજીના આગ્રહથી તેમણે રોષ ત્યાગી દીધો અને બંને વિહારમાં મગ્ન થયાં.

हौं जु कहति इक बात, सखी!
सुनि काहे कौं डारति।
प्राण रवन सौं क्यौंऽव करत,
आगस बिनु आरति॥
पय  चतवत तव चंद-वदन-तन,
तू अध मुख निजु चरन निहारति।
वे मृदु  चबुक प्रलोइ प्रबोधत,
तू भा मनि कर सौं कर टारति॥
ववस अधीर  वरह अति कातर,
सर-औसर कछुवै न  वचारति।
जै श्रीहित हरिवंश रह स प्रीतम  म ल,
तृ षत नैंन काहे न प्रतिपारति॥
('श्रीहित चतुरासी', पद सं.७५, पृष्ठ-१५९)

અરે મારી સખી! હું તને એક વાત કહું છું તે તું સાંભળ. તું અત્યાર સુધી તો મારી કોઈપણ વાતને ટાળતી ન હતી, આજે મારી આ વાત શા માટે ટાળી રહી છો? અથવા અરે મારી સખી! તું મારી આ વાતને સાંભળીને પણ તેને શા માટે ટાળી રહી છો? અર્થાત જાણી જોઈને કેમ સાંભળતી નથી. પોતાના પ્રિયતમ પ્રત્યે કોઈ અપરાધ કર્યા વિના આટલી દુઃખપૂર્ણ વાત શા માટે કરી રહી છે? પ્રિયતમ તો એકીટશે તારા મુખચંદ્રને જોતા રહે છે અને તું નીચે માથું કરીને પોતાના ચરણ તરફ જોઈ રહી છો. (હાય! તું કેટલી અન્યાય કરી રહ્યા છો) એ તો વારંવાર તારા ચિબુકને સ્પર્શી રહ્યાં છે અને તું પોતાના હાથથી એમનો હાથ હટાવી દે છે. અરી! આ સમયે તેઓ અત્યંત રસથી વિવશ અને અધીર બની રહ્યા છે તથા વિરહ દુઃખથી અતિશય દિન દુઃખી થઈ રહ્યાં છે. પરંતુ તું સમય કે અયોગ્ય સમયનો પણ વિચાર નથી કરતી. સખીભાવ યુક્ત શ્રીહિત હરિવંશજી કહે છે કે તું આ એકાંત સ્થળમાં પ્રિયતમને મળીને તેમના દર્શન માટે તરસેલા નેત્રોનું પોષણ કેમ નથી કરતી?

બંને કવિઓના પદમાં **'માન'**નો પ્રસંગ અને રાધારાનીની પ્રધાનતા છે. બંને પદમાં રાધારાનીને મનાવતા શ્રીકૃષ્ણની વ્યાકુળતાનું ચિત્ર છે. સ્વામી હરિદાસજીના પદમાં એક પ્રકારનું શાંત નિવેદન છે. જ્યારે શ્રીહિત હરિવંશજીના પદમાં સખીનું વાકચાતુર્ય અને નાયક-નાયિકાની શારીરિક ચેષ્ટા નું વધારે વિસ્તૃત અને આલંકારિક ચિત્રણ છે. અર્થાત હરિવંશજીનો ભાવ અધિક કલાત્મક અને સુવ્યવસ્થિત છે. બંને કવિઓના પદમાં માધુર્ય ગુણ પ્રધાન છે. ભાષાની વાત કરીએ તો હરિદાસજીની ભાષા સહજ અનુભૂતિની ભાષા છે જ્યારે શ્રીહિત હરિવંશજીની ભાષા પંડિતપૂર્ણ અને સૌંદર્યબોધ યુક્ત લાગે છે. આ ઉપરાંત  હરિદાસજીની અભિવ્યક્તિ અનુભૂતિ પ્રદાન છે જ્યારે શ્રીહિત હરિવંશજીની અભિવ્યક્તિ 'રસ અને કલા' પ્રધાન છે. તો આવી રીતે બંને પદકારના પદમાં આ વૈષમ્ય જોવા મળે છે.

हिंडोरैंब झूलत लाल दिन दूलहु।
दुलहिनि बिहारिनि देखौ री ललना।
गौर स्याम छबि अति दुनि बहु भाँति री बलना॥
नीलांबर पीतांबर अंचल चलत धुजा फरहराति कलना।
श्रीहरिदास के स्वामी स्यामा कुंजबिहारी बिहारिनि अ वचलना॥
('श्री केलीमाल', पद सं.८८, पृष्ठ-८५)

સખીને સખી કહે છે કે નિકુંજના સુખ મહેલમાં પ્રિય પ્રિયતમ બંને હૃદયરૂપી હિંડોળા પર ચાહરૂપી દોરીથી બંધાઈ નિત્ય દુલ્હા-દુલ્હન બની રહ્યાં છે. ગૌરવર્ણ શ્યામ-પીય પ્યારીની છબી દિવ્ય કાંતિમય છે. બંને પગથી ઠેસ આપી હિંડોળો ઝુલાવી રહ્યાં છે. ઝૂલતી વખતે પ્યારીજીના

અંગ પર લપેટાયેલું નીલામ્બર તથા પ્યારેજીના અંગ પર શોભતું પીતાંબર લહેરાઈ રહ્યું છે. હિંડોળાને હલાવતી વખતે પાલવ ઉડી રહ્યો છે. શ્રી હરિદાસીજીના સ્વામી શ્યામા કુંજબિહારીણી અને કુંજબિહારી બંને આ રસમાં મગ્ન છે. તેમનો આ નિત્ય વિહાર રસધામ અચળ છે.

झूलत दोऊ नवल  कशोर।
रजनी जनित रंग सुख सूचत, अंग-अंग उठि भोर॥
अति अनुराग भरे  म ल गावत, सुर मंदर कल घोर।
बीच-बीच प्रीतम  चत चोरत,  प्रया नैंन की कोर॥
अबला अति सुकुँवारि डरत मन, वर हिंडोर झकोर।
पुल क-पुल क प्रीतम उर लागति, दै नव उरज अँकोर॥
अरुझी  वमल माल कंकन सौं, कुंडल सौं कच डोर।
वेपथ जुत क्यौं बनैं  ववे चत, आनँद बढ़यौ न थोर॥
निर ख-निर ख फूलत ल लतादिक,  व व मुख चंद चकोर।
दै असीस हरिवंश प्रसं शत, करि अंचल की छोर॥
('श्रीहित चतुरासी', पद सं.३५, पृष्ठ-७५)

એક નવીન રૂપ લાવણ્ય અને નવીન રસલાલસા સંપન્ન શ્રીયુગલકિશોર ઝુલા ઝુલી રહ્યાં છે. હમણાં-હમણાં જ સવાર પડ્યું છે અને આ બંને હમણાં-હમણાં શૈયા પરથી ઉઠ્યાં છે. એના પ્રત્યેક અંગથી રાત્રિમાં ઉત્પન્ન થનાર આનંદ દેખાઈ રહ્યો છે. અત્યંત અનુરાગ યુક્ત બંને મળીને મન્દ્ર, મધ્ય અને તાર સપ્તકના સુમધુર સ્વરોથી ગાન કરી રહ્યાં છે અને વચ્ચે વચ્ચે નેત્રાના ખૂણાથી લાલજીની બાજુ જોઈને તેમનું ચિત્ત ચોરાવી રહ્યાં છે. અત્યંત સુકુમારી શ્રીપ્રિયાજી હિંડોળાના લાંબા-લાંબા હિલોળાથી મનમાંને મનમાં ડરે છે અને વારંવાર રોમાંચિત  થઈને તથા પોતાના પ્રિયતમને આલિંગન આપીને તેને હૃદય સાથે લગાવે છે. ઝુલાની જોરદાર ગતિ સાથે તથા વારંવાર મળવાને કારણે શ્રી લાલજીની માળા શ્રી પ્રિયાજીના કંકણ સાથે અને શ્રી પ્રિયાજીના વાળની લટ શ્રીલાલજીના કુંડળ સાથે અટવાઈ ગયેલી છે. અત્યાધિક આનંદ વધવાની સાથે બંનેનું અંગ ધ્રુજી રહ્યું છે. એટલે તેમના દ્વારા એ ગૂંચવાયેલા આભૂષણોની ગૂંચ કેવી રીતે દૂર કરે? આ સમયે શ્રીપ્રિયા તથા પ્રિયતમ બંને ચંદ્ર તથા ચકોર બનેલા છે, અર્થાત બંને એકબીજાની સામે પલક ઝપકાવ્યા વગર સતત નિહાળ્યા રાખે છે. લલીતાદિક સખીઓ બંનેની આ અદ્વિતીય દેખાદેખીને જોઈને ફૂલી સમાતી નથી. સખી ભાવાપન્ન શ્રીહિત હરીવંશજી કહે છે કે હું આ બંને રસિકો તથા બંનેની આ ક્રીડાની પ્રશંસા કરું છું અને ચૂનરીના છેડાને ઉઠાવીને આશીર્વાદ આપું છું કે આ બંને હંમેશા-શાશ્વત આ પ્રકારે ક્રિડા કરતા રહે.

પ્રસ્તુત બંને પદોનો મૂળ વિષય **'હિંડોળા'**નો છે જે વર્ષાઋતુમાં રાધા-કૃષ્ણના પ્રેમપૂર્ણ વિહારનું એક પ્રમુખ અંગ છે. બંને કવિઓના પદમાં શ્યામા-શ્યામનું અદ્‌ભુત સૌંદર્ય, તેમનો પ્રેમ અને રસમય અનુભૂતિઓનું વર્ણન છે. સ્વામી હરિદાસજીના પદમાં ભાવનાત્મક સહજતા છે તો શ્રીહિત હરીવંશજીના પદમાં રસ અને શૃંગાર પ્રાચુર્ય  વધારે જોવા મળે છે. તેમનું આ લીલાનું વર્ણન વધુ સૂક્ષ્મ, શૃંગારિક  અને રસમય છે. બંને પદની વ્રજ ભાષા અત્યંત સરસ મધુર અને ગેય છે. પરંતુ થોડો ઊંડાણપૂર્વક વિચાર કરીએ તો સ્વામી હરિદાસજીની ભાષા સરળ, સ્વાભાવિક છે. જેમાં ક્લિષ્ટતા ઓછી છે જ્યારે શ્રીહિત હરિવંશજીની ભાષા વધારે પડતી સાહિત્યિક અને સંસ્કૃત પ્રચુર હોય એવું લાગી રહ્યું છે; મતલબ કે શાસ્ત્રીય છે. તો આ પ્રકારે થોડો ભાષા ભેદ પણ જોવા મળે છે. અભિવ્યક્તિના સંદર્ભે જોઈએ તો પ્રસ્તુત પદમાં  સ્વામી હરિદાસજીની અભિવ્યક્તિ સીધી અને સરળ છે; જ્યારે શ્રીહિત હરિવંશજીની અભિવ્યક્તિ કલાત્મક અને રસપૂર્ણ છે. કહેવાય કે તેમની અભિવ્યક્તિમાં રસનો એક ઊંડો સાગર છલકાય છે.

અહીં બંને પદકારના ઉદાહરણ રૂપ કેટલાંક પદ મૂકી આપ્યાં છે. પરંતુ એ સિવાય શ્યામા-શ્યામની કેલી લીલાના પદ, પ્રિયાજીના શૃંગારના પદ, ઋતુ વર્ણનના પદ, હોળી ખેલના પદ તથા અન્ય વિષયને આવરી લેતા બીજા ઘણાં બધાં પદો જોવા મળે છે.

આ અભ્યાસના અંતે એવું જાણી શકાય છે કે સ્વામી હરિદાસજી અને શ્રીહિત હરિવંશજી બંને શ્યામા-શ્યામની રસોપાસનાના તથા વ્રજભાષા ભક્તિ સાહિત્યના અનમોલ રત્ન છે. સ્વામી હરિદાસજીના પદોમાં ભાવની સહજતા તથા નિષ્કામ સાક્ષી ભાવની પ્રધાનતા દેખાય છે તો શ્રીહિત હરિવંશજીના પદોમાં રીતિકાલીન કાવ્યસૌંદર્ય, શાસ્ત્રીય સંગીત બધ્ધતા તથા પ્રગાઢ શૃંગાર રસની અદ્‌ભુત નિષ્પતિ થાય છે. આમ સ્વામી હરિદાસજીનું કાવ્ય અનુભૂતિ અને ભક્તિના વિશુદ્ધ તેમજ સરળ રૂપને ઉજાગર કરે છે તો શ્રીહિત હરિવંશજીનું કાવ્ય રસ, કળા, અને કાવ્ય શિલ્પની દ્રષ્ટિએ પોતાની પરાકાષ્ઠાને સ્પર્શે છે.